**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેર નવરાત્રી મોડથી હવે વર્ક મોડ પર



ગાંધીનગર, તા.૧૦
નવરાત્રીના તહેવારની મજા શહેરીજનોએ મન મૂકીને માણી છે ત્યારે નવ દિવસ પોતાના રૂટિન કાર્યોમાંથી અમુક દિવસે રજા લઈ કાં તો બ્રેક રાખી ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા છે. હવે દશેરા બાદથી જ દરેક ખેલૈયાઓ પોતાના રૂટિન કાર્યોમાં લાગી ગયા છે. શાળા કોલેજમાં નવરાત્રીમાં ગરબા રમવાને બહાને રજા પાડતા વિદ્યાર્થીઓની હાજરી હવે શાળામાં દેખાઈ રહી છે. આ સિવાય બીજા દરેક ક્ષેત્રોમાં કામ કરતા ખેલૈયાઓ પોતાના રૂટિન તરફ નિયમિત થવા લાગ્યા છે. નવરાત્રી મોડ હવે વર્ક મોડ તરફ પાછો વળ્યો છે.

શહેરમાં શેરી ગરબા, ખાનગી ગરબા વ્યવસ્થાપકો દ્વારા થતા ગરબા, સોસાયટીમાં થતા ગરબામાં શહેરના ખેલૈયાઓ મન મૂકીને ઘૂમ્યા છે. જેમાં નાનાથી લઈ મોટા એમ દરેકનો સમાવેશ થાય છે. આમ, તો શહેરમાં ગરબા પૂર્ણ થવાનો સમય રાત્રીના ૧૨ વાગ્યાનો જ રાખવામાં આવ્યો હતો પરંતુ ગરબા બાદ ખાણી પીણીની વિઝીટ કર્યા બાદ ખેલૈયાઓને ઘરે પાછા ફરવામાં રાત્રીના મોડું થઈ જવાથી કે ગરબા રમીને થાકી જવા જેવા કોઈ પણ કારણસોર પોતાના રૂટિનથી ખોરવાયા હતા. નાના બાળકોએ શાળામાં નવમાંથી બે ત્રણ દિવસ રજા રાખી હોય, કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ કોલેજમાં જવાનું ટાળ્યું હોય, ગૃહિણીઓએ એક બે દિવસ બહાર જમીને ઘરમાં ચલાવડાવ્યું હોય, શહેરના ફિટનેસ સેન્ટરમાં શહેરીજનોએ થાકના લીધે જવાનું ટાળ્યું હોય જેવા અનેક કાર્યોના શિડયુલ નવરાત્રી દરમિયાન ખોરવાયા હતા જે હવે વર્ક મોડ પર આવ્યા છે.

દશેરા બાદ શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ નિયમિત આવવા લાગ્યા છે. ગૃહિણીઓ પોતાના કામે લાગી ગઈ છે. ફિટનેસ સેન્ટરમાં કસરત કરતા શહેરીજનો સમય મુજબ પાછા ફર્યા છે. આમ નવરાત્રી મોડ ઓફ થયો છે તેમ જણાઈ રહ્યું છે.

## નટવર હેડાઉ લિખિત ‘બે આનાનું સ્વર્ગ’ નાટકને રાજયકક્ષાએ પ્રથમ પુરસ્કાર એનાયત થશે

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર, સાહિત્ય સભાના પ્રમુખ અને ગાંધીનગર સમાચારના કોલમ લેખક નટવર હેડાઉના વિવિધ વિષયોના ૪૮ જેટલા પુસ્તક પ્રગટ થયા છે. લેખન માટે તેમને ઘણા પારિતોષિકો



પ્રાપ્ત થયા છે. તેમના લિખિત નાટક ‘બે આનાનું સ્વર્ગ’ ને રાજય કક્ષાના ગુજરાતી બાળ નાટક લેખન સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર એનાયત થશે.

ગુજરાતી ભાષા સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધન માટે કાર્યરત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ધીરૂબહેન પટેલ બાળ કિશોર કેન્દ્રના ઉપક્રમે રાજયકક્ષાના ગુજરાતી બાળ નાટક લેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં નવટર હેડાઉ લિખિત નાટક ‘બે આનાનું સ્વર્ગ’ને રૂ.૨૧,૦૦૦નો પ્રથમ પુરસ્કાર આપવામાં આવનાર છે. જે અંગેની જાહેરાત કુમારપાળ દેસાઈ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગરના સાહિત્કારો, નાટયકારો, પ્રસંશકો તેમજ મિત્રો તેમની આ સિધ્ધી બદલ અભિનંદન પાઠવી રહ્યા છે તેમ ગાંધીનગર સાહિત્યસભાના સહમંત્રી ભીખુ કવિ દ્વારા જણાવાયું છે.

## સે-૪-સીમાં પાણીનો કકળાટ તહેવાર ટાણે ગૃહિણીઓને હાલાકી

ગાંધીનગર, તા.૧૦
શહેરના સેકટરોમાં વારંવાર પાણી ફોર્સથી ન આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. નવા સેકટરોમાં ઘણા સમયથી પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનો કકળાટ ઉભો થયો છે. સેકટર-૩-સીમાં પણ અગાઉ ફોર્સથી પાણી ન આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી જયારે હાલ સે-૪-સીમાં પ્લોટ નં. ૮૦૦ તથા તેના આસપાસના વિસ્તારોમાં પૂરતા ફોર્સથી પાણી આવતું નથી.

શહેરમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતું હોવાની ફરિયાદો વધી છે. નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો ફોર્સ ઘટતાં ગૃહિણીઓનું મોં વંકાયું છે. સે-૩-સીમાં પણ પાણીનો બોર બંધ થતા ફોર્સ ઘટયો છે શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય કરવા માટે નવી કાર્યયોજના તૈયાર થઈ રહી છે. જો કે તેમાં હજુ સમય લાગે તેમ છે. બીજી તરફ દિવાળી જેવા તહેવાર સમયે ઘર સફાઈના લીધે પણ પાણીનો વપરાશ વધી જાય છે. આવા સંજોગોમાં રોજબરોજ સપ્લાય થતાં પાણી પુરવઠાનો ફોર્સ પણ ઘટી જતા સે-૪-સીના રહીશોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ સે-૪-સીના પ્લોટ નં. ૮૦૦ તથા આસપાસના વિસ્તારમાં ફોર્સથી પાણી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા સ્થાનિક રહીશોની ફરિયાદોનો ઉકેલ લાવવા પાટનગર યોજના ભવનના અધિકારીઓને રજુઆત કરી છે.

## આજે મહાનાયક અમિતાભ બચ્ચનને ‘બર્થ ડે’ વીશ કરવા ગાંધીનગરના પ્રસંશકો પણ પહોંચ્યા

ગાંધીનગર, તા.૧૦
હિન્દી ફિલ્મોના મિલેનિયમ સ્ટાર અને સૌથી લોકપ્રિય અભિનેતા અમિતાભ બચ્ચન તા. ૧૧મી ઓકટોબરે તેમની ૭૭મી વર્ષગાંઠ ઉજવશે. સમગ્ર દેશમાં બચ્ચન સાહેબનો જન્મદિવસ હિન્દી ફિલ્મોના ચાહકો માટે જાણે ઉત્સવ સમાન હોય છે અને આ દિવસે દેશભરમાંથી સેંકડો ચાહકો તેમના દર્શનની એક ઝલક પામવા મુંબઈમાં તેમના નિવાસસ્થાન ‘જલ્સા’ બંગલા ખાતે પહોંચી જાય છે. ગાંધીનગરમાંથી પણ કેટલાક ચાહકો અમિતાભ બચ્ચનને ‘હેપ્પી બર્થ ડે’ વીશ કરવા પહોંચી ગયા છે.

ગાંધીનગર અનેક વિવિધ ક્ષેત્રમાં અવનવી ખૂબીઓ ધરાવતા રસિક શહેરીજનોનું શહેર છે જેમાં બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનના ક્રેઝી ફેન્સનો પણ સમાવેશ થાય છે. શહેરમાં અનેક યુવાનો જ નહી પરંતુ યુવતીઓ અને કેટલાક મોટી ઉંમરના વડીલો




ઉપરાંત બાળકો પણ આ અભિનયના ‘જાદુગર’ના દિવાના છે અને તેમને નિહાળવા ‘પરવાના’ બનીને ‘નસીબ’ અજમાવવા કામ-ધંધા-નોકરી-રોજગાર-પરિવાર જેવી ‘ઝંઝીર’ ફગાવી ‘શહેનશાહ’ના દરબારમાં ‘શાન’થી પહોંચી ગયા છે. એટલું જ નહીં તેમને હાથ મિલાવી કે સ્પર્શી સેલ્ફી લેવા પોતાની તમામ ‘શકિત’ કામે લગાડશે અને જો સફળ રહેશે તો જાણે પોતે ‘મુકદર કા સિકંદર’ બની ગયા હોય તેટલો ‘આનંદ’ અનુભવશે. અમિતાભ બચ્ચનના પ્રસંશકોમાં એડવોકેટ દિલીપસિંહ બિહોલા અને જયેશ બ્રહ્મભટ્ટનો સમાવેશ થાય છે. જયેશ બ્રહ્મભટ્ટે તો અમિતાભ બચ્ચન જેવી જ ફ્રેન્ચ કટ દાઢી રાખી પોતાનો પ્રેમ વ્યકત કરવા પ્રયાસ કર્યો છે. આ બંને પ્રસંશકો અમિતાબ બચ્ચનને આશરે પાંચેકવાર રૂબરૂ મળી ચુકયા છે છતાં તેમનો ક્રેઝ ઓછો થતો નથી.

## સે-૭-એમાં નવરાત્રી અને દશેરાની ઉત્સાહભેર ઉજવણી



ગાંધીનગર, તા.૧૦
સે-૭-એ વસાહત મંડળ દ્વારા નવરાત્રી દરમિયાન શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું તથા દશેરના દિવસે સોસાયટીના બાળકો દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવરાત્રી બાદ દશેરાના દિવસે સે-૭-એ વસાહત મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના નિસર્ગ સંસ્થાના ચેરમેન ડૉ. અનિલભાઈ પટેલ, શહેરના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ ભરતભાઈ પટેલે ખાસ ઉપસ્થિત દરેકને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શિવાભાઈ પટેલ જે સતત છેલ્લા ૨૦ વર્ષથી સંસ્થામાં કાર્યરત છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સે-૭-એ માં રહેતા ૭૫ વર્ષીય વડીલોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. સેકટરના બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શિવાભાઈ પટેલ, સંચાલન જશવંતભાઈ ગાંધી તથા આભારવિધિ ગણેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં અમૃતભાઈ પટેલ, વંદનાબેન પટેલ, મહેશભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ તથા કારોબારીના તમામ ભાઈઓ અને બહેનોનો વિશિષ્ટ ફાળો રહ્યો હતો.

## ભારત સરકાર દ્વારા પાંચમા ‘‘ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ-૨૦૧૯’’નું આયોજન

ગાંધીનગર, તા. ૧૦
ભારતમાં ફરી એકવાર ‘‘ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ-૨૦૧૯ યોજાશે જેમાં દેશ-વિદેશની મળીને ૧૨ હજાર વ્યક્તિઓ ભાગ લેશે. આઈઆઈએસએફનું આયોજન ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી સંલગ્ન મંત્રાલયો તથા વિભાગો ઉપરાંત વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમે પાંચમીવાર થઈ રહ્યું છે જે આ વર્ષે કોલકાત્તામાં બિશ્વા બાંગ્લા કન્વેન્શન સેન્ટર અને સાયન્સસિટી વગેરે સ્થળોએ આગામી તા. ૫ થી ૮ નવેમ્બર દરમ્યાન યોજાશે. આ સાયન્સ ફેસ્ટિવલમાં કુલ ૨૮ પ્રકારની ઈવેન્ટ યોજાશે જેમાં દેશના દરેક જિલ્લામાંથી એક શિક્ષક સાથે પાંચ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે.

‘‘આઈઆઈએસએફ-૨૦૧૯’’નું ભારતના સાયન્ટીફિક અને ટેકનોલોજીકલ પ્રગતિની વિદ્યાર્થીઓ, સંશોધકો, કારીગરો, ખેડૂતો, વિજ્ઞાનીઓ ઉપરાંત દેશ-વિદેશના ટેકનોક્રેટ્સ સાથે આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તેની થીમ ‘‘રીઝન ઈન્ડિયા : રિસર્ચ, ઈનોવેશન એન્ડ સાયન્સ એમ્પાવરીંગ ધ નેશન’’ રાખવામાં




આવી છે. આઈઆઈએસએફ-૨૦૧૯માં શાળાના વિદ્યાર્થીઓ માટે ‘‘સ્ટુડન્ટસ સાયન્સ વિલેજ’’નું આયોજન કરાયું છે જેમાં દેશભરમાંથી ૨૫૦૦ વિદ્યાર્થીઓ આમંત્રિત કરાશે. પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અંતર્ગત દરેક લોકસભાના સાંસદ તેમના મત વિસ્તારમાંથી એક શિક્ષક સાથે પાંચ વિદ્યાર્થીની નિમણૂંક કરી મોકલશે અને વિજ્ઞાનીઓના નામથી બનાવવામાં આવેલા ૬ જુદા જુદા મકાનોમાં વિદ્યાર્થીઓ સાયન્સ ફન એક્ટિવીટી કરશે. તેમજ જાણીતા વિજ્ઞાનીઓ ટેકનોક્રેટસ સાથે વાર્તાલા પણ કરશે. આ ઉપરાંત યંગ સાયન્ટિસ્ટ કોન્ફરન્સ યોજાશે જેમાં ૧૫૦૦ જેટલા યુવા વિજ્ઞાનીઓ અને સંશોધકો આંતરરાષ્ટ્રીય નામના ધરાવતા વિષય નિષ્ણાંતો સાથે વાર્તાલાપ કરશે તેમજ પોતાના સંશોધન પત્રો રજૂ કરશે. આઈઆઈએસએફ-૨૦૧૯માં સાયન્સ એકસ્પો, ન્યુ એજ ટેકનોલોજી શો, મિડીયા કોન્કલેવ, એગ્રિ સાયન્ટીસ્ટ મીટ સહિત ગિનીસ વર્લ્ડ રેકોર્ડ જેવી ઈવેન્ટ યોજાશે તેવુ ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુએ જણાવ્યું હતુ. આ પ્રસંગે વિજ્ઞાન પ્રસારના બી.કે. ત્યાગીએ જણાવ્યું હતું કે ‘‘આ ભારતીય આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ ૨૦૧૯ તરીકે ઓળખાશે જેમાં વિજ્ઞાન ક્ષેત્રે દેશના બાળકો-શિક્ષકો-સંશોધકો અને વિજ્ઞાનીઓ તેમની ક્ષમતાને વિકસાવી શકશે તેમજ આ ફેસ્ટિવલમાં અંદાજે ૩૦૦ મહિલા વિજ્ઞાની-ઉદ્યોગ સાહસિકો પણ ભાગ લેશે. કાર્યક્રમ અંગે તમામ વિગત www.scienceindigfest.org પર ઉપલબ્ધ કરી દેવામાં આવી છે.




દિશાનિર્દેશ માટે શહેરમાં ઠેર ઠેર સાઈન બોર્ડ લગાવાયા છે પરંતુ તેની યોગ્ય જાળવણી ન થતાં મુલાકાતીઓને મુશ્કેલી પડે છે. સેકટર-૨૧ પોલીસ સ્ટેશનની હદ દર્શાવતું બોર્ડ છેલ્લા ઘણા સમયથી ફૂટપાથ પર પડી ગયેલું નજરે ચઢી રહ્યું છે.

## મનપાના નગરસેવક હિરલબેન જોષીનો જન્મદિવસ સાદાઈથી ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦
જયહિંદ સમાજવાદી સંગઠન ગાંધીનગર એકમ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૭ના નગરસેવક હિરલબેન જોષીના જન્મદિને તેમના વિસ્તારના ઝુંપડપટ્ટીના બાળકોને સેકટર-૧૭ સ્થિત ક્રિષ્ના વૃદ્ધાશ્રમના વડીલોને ફુટ-ફાફડા-જલેબી, ચવાણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહામંત્રી નિશીત વ્યાસ, પૂર્વ પ્રમુખ વિક્રમસિંહ ખાચર, એચ.એસ.એસ.ના ગુજરાત પ્રમુખ અરૂણભાઈ પરીખ, ગાંધીનગર શહેર જિલ્લા પ્રમુખ બિપીનચંદ્ર પરમાર, ઝોન પ્રમુખ તેજાભાઈ દેસાઈ, ઉપપ્રમુખ ઉર્પલ જોષી, રાકેશ જાની, હિરાલાલ મેસરિયા, વિજય સોલંકી, ગૌતમ સોલંકી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## દશેરાએ અરવિંદ વેગડાની ધમાકેદાર ‘રાવ’

ગાંધીનગરના ‘રાવ વર્લ્ડ’ ખાતે દશેરાની રાત્રીએ જાણીતા ગુજરાતી રેપ સીંગર અરવિંદ વેગડાની ગરબા



નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર અમદાવાદના ખેલૈયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને ખૂબ જ ઉત્સાહપૂર્વક રાસ ગરબાનો આનંદ ઉઠાવ્યો હતો. નારાયણી હાઈટસ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રંગબેરંગી ડિસ્કો લાઈટસ તથા ડીજે સંગીતના સથવારે અરવિંદ વેગડાએ ધમકેદાર પરફોર્મન્સ આપ્યું હતું અને યુવાનોને મોજ કરાવી હતી. આયોજનમાં ગીફા પરિવાર, શ્રી રાણી શકિત સેવા સમિતિ પરીવાર તથા નારાયણી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સેકટર-૮ના અંબિકા ચોકમાં નવરાત્રી મહોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર સેકટર-૮ ના અંબિકા ચોક આયોજીત નવરાત્રી મહોત્સવ-૨૦૧૯ સુંદર રીતે સંપન્ન થયો. નવરાત્રીમાં માતાજીની આરાધના કરવા નવ દિવસો દરમિયાન ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાના રસિયાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

નવરાત્રી મહોત્સવ દરમિયાન સેકટર -૮ બીના ગીતાંજલી, આસોપાલવ, ગોકુલ, આમ્રકુંજ સોસાયટીઓ અને સ્વાતંત્ર્ય બંગલોઝનાં વસાહતીઓ પૈકી સીનીયર મહિલા-પુરૂષના સન્માન તેમજ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહન મળી રહે તે માટે ધો. ૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ ડેપ્યુટી મેયર શ્રી નાઝાભાઈ ઘાંઘરના અતિથિ વિશેષ પદે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ડે. મેયર શ્રીએ જણાવ્યું હતું કે સમાજ અને કુટુંબનાં વટવૃક્ષ એવા વડીલોને માન-સન્માન આપવું એ આજના સમયની અને સમાજની માંગ છે. અને તે આપણા દેશના સંસ્કાર છે. વધુમાં ડે.મેયરશ્રીએ ધોરણ ૧૦ અને ૧૨નાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે સેકટર-૮ બી માં સ્વાતંત્ર્ય બંગલામાં રહેતા ભૂતપૂર્વ મંત્રી શ્રી ઈશ્વરસિંહ ચાવડાએ તેમના કરવામાં આવેલા સન્માનનો હકારાત્મક પ્રતિભાવ આપીને અંબિકા ચોક નવરાત્રિ મહોત્સવ સમિતિનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ નવરાત્રીના છેલ્લા દિવસે એટલે કે દશેરાના દિવસે સાંજના ૪-૦૦ થી ૮-૦૦ સમય દરમિયાન અબાલવૃધ્ધ સૌ લોકો માટે રમતગમત યોજીને લીંબુ ચમચો, સંગીત ખુરશી, ચોકલેટ ગેમ વગેરે જેવી જુદી જુદી રમતો રમાડવામાં આવી હતી. ત્યારબાદ ગીતાંજલી, આસોપાલવ, ગોકુલ, આમ્રકુંજ અને સ્વાતંત્ર્ય બંગલોઝનાં વસાહતીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સૌએ સાથે મળીને સામુહિક ભોજન-પ્રસાદ લીધો હતો. નવરાત્રીના નવ દિવસ દરમિયાન અંબિકા ચોક નવરાત્રિ મહોત્સવ સમિતિ દ્વારા ગરબાના રસિયાઓ માટે નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.



## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● વોર
૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
● છીછોરે
૭.૪૦
● ડ્રીમગર્લ
૨.૧૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
● જોકર (અંગ્રેજી)
૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
● જીમીની મેન
૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● વોર
૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
● જીમીની મેન
૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી)
૧૨.૧૦, ૫.૨૦
● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
● બીજો દિવસ
૫.૦૫

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

● વોર
૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● જીમીની મેન
૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## રવિવારે કુડાસણ ખાતે સ્વ. કિશોરકુમારને શ્રધ્ધાંજલિ આપતો કરાઓ કે ટ્રેક શૉ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૦
ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત ‘મેરી આવાઝ સુનો કરાઓકે કલબ’ દ્વારા આગામી તા. ૧૩મી ઓકટોબર રવિવારે બપોરે ૧૨.૩૦ કલાકે હિન્દી ફિલ્મ જગતના સૌથી લોકપ્રિય પાશ્વગાયક સ્વ. કિશોરકુમારને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી તેમણે ગાયેલા સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોના ગાયકીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ કુડાસણમાં મારૂતિ-નેક્ષા શૉ રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ કોમ્પ્લેક્ષના પહેલા માળે સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતે યોજાશે જેમાં દરેક સંગીતપ્રેમી શ્રોતાઓને વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર તથા અમદાવાદના અનુભવી-બીન અનુભવી ગાયકો દ્વારા કરાઓ કે ટ્રેક શો પર સ્વ. કિશોરકુમારના ગીતો પ્રસ્તુત કરશે. કાર્યક્રમની વધુ વિગત માટે શ્રવણ પરમારને મો.નં. ૯૪૨૭૩૧૮૦૭૩ અથવા સંસ્થાના મો.નં. ૮૪૯૯૪૫૪૪૦૫ પર સંપર્ક સાધી શકાશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. પ્રજાપતિ કાન્તાબેન મોહનલાલ, ઉ.વ. ૭૫
● સ્વ. સુનીલકુમાર રમણભાઈ સુખડીયા, ઉ.વ. ૫૫
● સ્વ. પટેલ ભાનુબેન રતિલાલ, ઉ.વ. ૫૫
● સ્વ. ઠાકોર જુગાજી કાળાજી, ઉ.વ. ૨૬
● સ્વ. ઈશ્વરભાઈ મોહભાઈ પટેલ, ઉ.વ. ૮૪
● સ્વ. મકવાણા પોપટભાઈ બચુભાઈ, ઉ.વ. ૫૨